# પૂ. લાલચંદભાઇના પ્રવચનો
# શ્રી સમયસાર, કળશ ૧,
# અમદાવાદ, તા. ૨૨-૦૬-૧૯૮૯
# પ્રવચન નંબર ૧૨૮

Version 1

**ૐ શ્રી ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિષે ઉલ્લેખો.**

**ચંદ્રગિરિપર્વત પરનો શિલાલેખ**, એનો અર્થ.

**અર્થ:- કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત થઈ છે, જેઓ ચારણોનાં–ચારણઋધ્ધિધારી મહામુનિઓનાં-સુંદર હસ્તકમળોના ભ્રમર હતાં અને જે પવિત્રાત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી**? બધાથી વંદ્ય છે.

પછી બીજો શિલાલેખ **વિંધ્યગિરિ–શિલાલેખ**, ઓલો ચંદ્રગિરિ આ વિંધ્યગિરિ.

**અર્થ:- યતીશ્વર (શ્રી કુંદકુંદસ્વામી) રજ:સ્થાન-ભૂમિતળને-છોડીને ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલતા હતા તે દ્વારા હું એમ સમજું છું કે, તેઓશ્રી અંદરમાં તેમ જ બહારમાં રજથી (પોતાનું) અત્યંત અસ્પૃષ્ટપણું વ્યક્ત કરતા હતા. (-અંદરમાં તેઓ રાગાદિક મળથી અસ્પૃષ્ટ હતા અને બહારમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા).**

હવે એક દર્શનસાર નામનું શાસ્ત્ર છે એના કર્તા દેવસેન આચાર્ય થઇ ગયા. તેઓશ્રીનો એક શ્લોક છે. એનો અર્થ.

**અર્થ:- (મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે (શ્રી કુંદકુંદાચાર્યદેવે) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?**

હવે શ્રીમદ્ રાજચંદ્રજીનો ઉલ્લેખ કરે છે.

**હે કુંદકુંદાદિ આચાર્યો! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયા છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.**

**સ્વરૂપાનુસંધાનને વિષે** એટલે ભૂતકાળમાં આ મનુષ્યદેહ પહેલાં, મનુષ્યભવ પહેલાં, આગલા ભવની અંદર મને સમકિત તો થઇ ગયેલું પણ સમ્યકદર્શન છૂટી ગયું હતું, અને હું અહી આવ્યો અને ફરીથી આપના શાસ્ત્ર હાથમાં આવતાં મને ફરીથી અનુસંધાન થઈ ગયું. અનુભવ થઈ ગયો માટે હું તમને નમસ્કાર કરું છું. એટલે ભૂતકાળમાં અમે સમકિતી હતાં અને વર્તમાનમાં ફરીથી આપના વચનના યોગે આત્માનું ભાન થયું એટલે પૂર્વભવમાં એમણે અમને સમકિત હતું એમ દાંડી પીટીને કહ્યું. શું કહ્યું? જ્ઞાનના વિશે અનુસંધાન તૂટી ગયું હતું તે પાછું અનુસંધાન થઈ ગયું. જોડાઈ ગયું. જ્ઞાનચેતના પ્રગટ થઈ ગઈ.

**હવે પુજય ગુરુદેવના હસ્તાક્ષર: ૐ નમ: સિદ્ધેભ્ય: ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયપ્રાભૃતમાં કહે છે કે, હું જે આ ભાવ કહેવા માગું છું. તે અંતરના આત્મસાક્ષીના પ્રમાણ**

**વડે પ્રમાણ કરજો; કારણ કે આ અનુભવપ્રધાન શાસ્ત્ર છે. તેમાં મારા વર્તતા સ્વ-આત્મવૈભવ વડે કહેવાય છે. આમ કહીને છઠ્ઠી ગાથા શરૂ કરતાં આચાર્યભગવાન કહે છે કે, 'આત્મદ્રવ્ય અપ્રમત નથી અને પ્રમત નથી એટલે કે એ બે અવસ્થાનો નિષેધ કરતો હું** જોયું, **નિષેધ કરતો હું, એક જાણનાર અખંડ છું**. આહાહા! આવ્યું, **એક જાણનાર અખંડ છું**. શરૂઆત જ અહીંથી થાય છે. આત્મા જાણનાર જ છે. આહાહા! **હું એક જાણનાર અખંડ છું એ મારી વર્તમાન વર્તતી દશાથી કહું છું'. મુનિપણાની દશા અપ્રમત અને પ્રમત એ બે ભૂમિકામાં હજારો વાર આવ-જા કરે છે, તે ભૂમિકામાં વર્તતા મહામુનિનું આ કથન છે.**

**સમયપ્રાભૃત એટલે સમયસારરૂપી ભેટણું. જેમ રાજાને મળવા ભેટણું આપવું પડે છે તેમ પોતાની પરમ ઉત્કૃષ્ટ આત્મદશાસ્વરૂપ પરમાત્મદશા પ્રગટ કરવા સમયસાર જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરુપ આત્મા તેની પરિણતિરૂપ ભેટણું આપ્યે પરમાત્મદશા–સિધ્ધદશા પ્રગટ થાય છે.**

**આ શબ્દબ્રહ્મરૂપ પરમાગમથી દર્શાવેલા એકત્વવિભક્ત આત્માને પ્રમાણ કરજો, હા જ પાડજો, કલ્પના કરશો નહિ. આનું બહુમાન કરનાર પણ મહાભાગ્યશાળી છે. (પોતાના જ હસ્તાક્ષરમાં) સદ્‌ગુરુદેવના હૃદયોદ્‌ગાર.**

હવે તમે સ્તુતિ બોલો, એના પછી સ્તુતિ છે.

**(શ્રી સમયસારજી – સ્તુતિ)**

**(હરિગીત)**

મુમુક્ષુ: **સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,**
**સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;**
**શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,**
**મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.**

**(અનુષ્ટુપ)**

**કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,**
**ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.**

**(શિખરિણી)**

**અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,**
**મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;**
**અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,**
**વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.**

**(શાર્દૂલવિક્રીડિત)**

**તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,**
**તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;**
**સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,**

**વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.**

**(વસંતતિલકા)**

**સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,**
**જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;**
**તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,**
**તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.**

**(અનુષ્ટુપ)**

**બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;**
**તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.**
**તથાપિ કહાનવાણીના અંકાયે મૂલ્ય ના કદી.**

**ઉત્તર:- ૐ શ્રી પરમાત્મને નમઃ। શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર,** અધિકાર પહેલો **જીવ અધિકાર. મૂળ ગાથાઓનો અને આત્મખ્યાતિ નામની ટીકાનો ગુજરાતી અનુવાદ.** પહેલા આ હિંદી અનુવાદ કરનાર જયચંદપંડિત છે. એ માંગલિક કરે છે. પછી બીજું માંગલિક આવશે, અમૃતચંદ્રઆચાર્યનું સંસ્કૃતના ટીકાકાર અને પછી ત્રીજું માંગલિક આવશે, મૂળકર્તા કુંદકુંદ-ભગવાનનું, એમ ત્રણ પ્રકારના માંગલિકથી શરૂઆત થાય છે.

**શ્રી પરમાતમ પ્રણમીને, શારદ સુગુરુ નમીય;**
**સમયસાર શાસન કરું દેશવચનમય, ભાઈ! ૧**
**શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચકવાચ્ય નિયોગ;**
**મંગળરૂપ પ્રસિદ્ધ એ, નમું ધર્મધન-ભોગ. ૨.**

**શ્રી પરમાતમ પ્રણમીને** એટલે પરમાત્માને નમસ્કાર કરીને, **શારદ સુગુરુ નમીયે,** જિનેન્દ્ર ભગવાનની વાણી દ્રવ્યશ્રુત અને આત્મજ્ઞાની ગુરુ-સુગુરુ એને નમસ્કાર કરીને **સમયસાર શાસન કરું દેશવચનમય ભાઈ**. ચાલતી વર્તમાન જે જયપુરની ઢૂંઢારી ભાષા છે એના દ્વારા હું આનો અનુવાદ કરીશ, અને એ મને શાસન ઉપર પ્રેમ આવ્યો છે. **શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચકવાચ્ય નિયોગ**, શબ્દબ્રહ્મ છે તે વાચક છે અને પરબ્રહ્મ એટલે શુદ્ધાત્મા એનું વાચ્ય છે. એનો વાચક '**વાચકવાચ્ય નિયોગ**', નિયોગ-વિશેષ યોગ થાય છે. શબ્દબ્રહ્મ તે જ્ઞાન છે અને એનું વાચ્ય શુદ્ધાત્મા જે છે, એ કેવું છે, તે વાચ્ય બતાવે છે. **મંગળરૂપ પ્રસિધ્ધ એ, નમું ધર્મ ધન–ભોગ**. આ વાત પ્રસિધ્ધ છે. અને હું નમસ્કાર એટલા માટે કરું છું કે મને ધર્મરૂપી ધનની પ્રાપ્તિ થાય અને હું આનંદનો ભોગવટો કરું, એ હેતુ છે.

**નય નય સાર લહે શુભ વાર, પદ પદ માર દહે દુઃખકાર;**
**લય લય પાર ગ્રહે ભવધાર,-જય જય સમયસાર અવિકાર. 3**

**નય નય સાર લહે**, **નય નય સાર લહે શુભ વાર**, વારંવાર વારંવાર વારંવાર આનું રટણ કરતાં નવા નવા ભાવ આવશે, અને એનાથી જીવનું હિત થશે. **પદ પદ માર દહે દુઃખકાર**, પદે પદે દુઃખનો નાશ થાય એ આમાં વાચક-વાચ્યનું નિયોગ છે. **લય લય પાર ગ્રહે ભવધાર**, **લય લય પાર**

**ગ્રહે ભવધાર**. આ ભવ ભ્રમણરૂપી જે દુઃખ છે તેનો નાશ થાય. **જય જય સમયસાર અવિકાર**. શુધ્ધાત્મા અવિકારી છે, શુધ્ધ છે એની મને પ્રાપ્તિ થાઓ, એ મારો હેતુ છે.

**શબ્દ, અર્થ ને જ્ઞાન-સમયત્રય આગમ ગાયા,** આગમના એક શબ્દ સમય છે, અર્થ સમય છે, અને જ્ઞાન સમય, એમ સમયત્રય આગમની વાત છે. **શબ્દ**ને સમય કહેવાય, અને **પદાર્થ**ને પણ સમય કહેવાય અને એના દ્વારા જે **જ્ઞાન** પ્રગટ થાય સમ્યકજ્ઞાન, એને પણ સમય કહેવાય. ત્રણ પ્રકારના સમયત્રય છે. એક વાચક છે. એક અર્થ વાચ્યનો પદાર્થ છે અને એનું જે જ્ઞાન થાય એને પણ સમય કહેવામાં આવે છે.

**કાળ, મત, સિધ્ધાંત-ભેદત્રય નામ બતાવ્યા;** હવે કહે છે **કાળ** એટલે સ્વમત, સ્વકાળ. અને **મત** એટલે જિનેન્દ્રભગવાનનો મત અને **સિધ્ધાંત**, એમ ત્રણ પ્રકારના બતાવ્યા. **કાળ**માં જે વર્તમાન જે અવસ્થા છે, શ્રુત પર્યાય, તેને પણ કાળ કહેવાય અને આ બહારનો કાળ એને કાળ કહેવાય. **મત** એટલે જિનેન્દ્ર ભગવાનનો મત એ ખરેખર સાચો મત છે, અને એને **સિધ્ધાંત** કહેવાય. એમ ત્રણ પ્રકારના ભેદત્રય નામ બતાવ્યા.

**તે મહીં આદિ શુભ અર્થસમયકથની સુણીએ બહુ,** હવે શબ્દસમય, અર્થસમય, અને જ્ઞાનસમય જે કહ્યા છે, એમાંથી કહે છે કે **તે મહીં અહીં (આદિ) શુભ અર્થસમયકથની સુણીએ બહુ**. આ બધામાં જે સારભૂત છે તે શુધ્ધઆત્માની કથા છે, એ તમે સાંભળજો. શુધ્ધઆત્માની કથા લખી છે આમાં તે તમે બધા સાંભળજો. હવે સાંભળીને શું કરવું? શબ્દ તો શબ્દની વાત કરી પહેલા, **સુણીએ** એ શબ્દનો અર્થ કર્યો. હવે **અર્થ,** અર્થસમયમાં છ દ્રવ્યને અર્થ કહેવાય અને મતમાં પણ ઘણા મતમતાન્તર એને પણ મત કહેવાય. અહિયાં **અર્થસમયમાં** છ દ્રવ્ય અર્થ છે, તેમાં **જીવ નામ છે સાર**. છ દ્રવ્યમાં જે અર્થ છે તો એક શુધ્ધાત્મા જ સારભૂત છે **સુણીએ** સુણજો **સહુ.**

**તે મહીં સાર વિણકર્મમળ શુધ્ધ જીવ શુધ્ધનય કહે,** આ જે સમયસાર છે **તે મહીં સાર વિણકર્મમળ**. શુધ્ધ આત્મા ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મથી રહિત તે શુધ્ધ જીવ છે એમ **શુધ્ધનય કહે** છે. એટલે વાસ્તવિક સ્વરુપ છે તેને કહેનારી એક શુધ્ધનય છે.

**આ ગ્રંથમાં કથની સહુ, સમયસાર બુધજન ગ્રહે. ૪**

કથની તો નવતત્ત્વની ભરેલી છે. ઘણું કથન આવશે પણ કોઈ બુધ્ધિજન હશે, જ્ઞાનીજન હશે, કોઇ નિકટભવી જીવ હશે એ સમયસારને ગ્રહણ કરશે. **સમયસાર બુધજન ગ્રહે,** આ ગ્રંથમાં કથની તો ઘણી છે. સ્વાંગની વાતો ઘણી આવશે, પણ બુધજન હશે વિચિક્ષણ તે શુધ્ધનય વડે શુધ્ધ આત્માનું ગ્રહણ કરશે બસ.

**નામાદિક ષટ્ ગ્રંથમુખ, તેમાં મંગળ સાર;**
**વિઘ્નહરણ, નાસ્તિકહરણ,-શિષ્ટાચાર ઉચ્ચાર, ૫**

આ માંગલિક કરવાનું કારણ ઇ કે કોઈ વિઘ્ન ન થાય, પૂરૂ થઈ જાય અને નાસ્તિકમતનો પરિહાર થઈ જાય, એ શિષ્ટાચારનો ઉચ્ચાર છે.

**સમયસાર જિનરાજ છે, સ્યાદ્વાદ જિનવેણ;**
**મુદ્રા જિન નિર્ગ્રંથતા, નમું કરે સહુ ચેન. ૬**

દેવ, ગુરુ, શાસ્ત્ર ત્રણેને લીધા.**સમયસાર જિનરાજ છે**. જિનરાજ દેવ કોણ છે? કે આ શુધ્ધાત્મા દેવ છે. અને જિનવાણી કેવી છે? સ્યાદ્વાદ જેની મુદ્રા છે, ટ્રેડમાર્ક છે એને જિનવચન કહેવામાં આવે છે. **સ્યાદ્વાદ જિનવેણ** અને **સમયસાર જિનરાજ**. શુધ્ધાત્મા એ જિનરાજ છે. પછી **મુદ્રા જિન નિર્ગ્રંથતા**, ગુરુનું લક્ષણ, જેની અંતર અને બાહ્ય નિર્ગ્રંથદશા હો, તે જિનની મુદ્રા છે. **નમું કરે સહુ ચેન**. આ ત્રણેને નમસ્કાર કરતાં મને સુખની પ્રાપ્તિ થશે. ચેન એટલે સુખની પ્રાપ્તિ થશે. એવી ભાવના ભાવું છું.

**આ પ્રમાણે મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરીને શ્રી કુંદકુંદ આચાર્યકૃત ગાથાબધ્ધ સમયપ્રાભૃત ગ્રંથની શ્રી અમૃતચંદ્ર આચાર્યકૃત આત્મખ્યાતિ નામની જે સંસ્કૃત ટીકા છે તેની દેશભાષામાં વચનિકા લખીએ છીએ.**

હવે જે માંગલિક કરવાના છે આચાર્ય ભગવાન ટીકાકાર એનું માંગલિક.

**પ્રથમ, સંસ્કૃત ટીકાકાર શ્રી અમૃતચંદ્ર આચાર્ય ગ્રંથના આદિમાં (પહેલા શ્લોક દ્વારા) મંગળ અર્થે ઇષ્ટદેવને નમસ્કાર કરે છેઃ-**

એવો શિષ્ટાચાર છે કે કોઈપણ શાસ્ત્રની રચના કરે જ્ઞાનીઓ, તો ઇષ્ટદેવને પહેલાં નમસ્કાર કરે, કે જેથી એમ કે આ શાસ્ત્ર પૂરું થાય. કોઈ વિઘ્ન આવે નહીં અને પરિપૂર્ણતા થાય એવો એક વ્યવહાર છે. અને એ પ્રકારે ઇષ્ટદેવને નમસ્કાર પણ કરે છે. હવે ઇષ્ટદેવને નમસ્કાર, અત્યાર સુધી ઘણાં શાસ્ત્રોમાં મેં વાંચ્યું. જેટલા વાંચવામાં આવ્યા એટલા, એમાંથી ઇષ્ટદેવને નમસ્કાર કરવા, કાં અરિહંતને નમસ્કાર, કાં સિધ્ધભગવાનને નમસ્કાર, કાં પંચપરમેષ્ઠીને નમસ્કાર કરે, એમાં આવી જાય પણ પરને નમસ્કાર કરવાનો વ્યવહાર છે, પરને નમસ્કાર કરવાનો, પરમાત્મને.

આની કોઈ વિશેષતા છે. એમ આપણે ઘણીવાર વાત થાય છે કે ગુરુ કરતાં શિષ્ય તેજદાર છે. આપણે ઘણીવાર વાત થાય છે.તેમાં (ટીકમાં) કહ્યું પ્રથમ આત્માને જાણવો. આ (ટીકાકાર) કહે જણાઈ રહ્યો છે. એવી એવી તો વિશેષતા ઘણી જગ્યાએ આપણે જોઈ. આમાં એક વિશેષતા છે. ઇષ્ટદેવને નમસ્કાર કરે છે. ઇષ્ટદેવ કોણ છે? ઇષ્ટ એટલે જેને નમસ્કાર કરતાં હિત થઈ જાય.

મુમુક્ષુઃ- હિત થઈ જાય, ઈસકા નામ ઇષ્ટ.

ઉત્તરઃ- ઇષ્ટદેવ છે ને, ઇષ્ટદેવ. જે દેવને નમસ્કાર કરતાં ઇષ્ટ નામ સાધ્યની સિદ્ધિ થાય, એ હિતની પ્રાપ્તિ થાય એને અમે દેવ કહીએ છીએ. તો આને થયું કે ઓહોહો! શુધ્ધાત્માને નમસ્કાર. નમો સિધ્ધેભ્ય નહીં, નમો અરિહંતાણં નહીં, અને વર્તમાન વર્તતા તીર્થંકરને નમસ્કાર કરું છું એમ પણ નહીં, અને ભૂત, ભવિષ્યના, વર્તમાન તીર્થંકરને નમસ્કાર કરું છું એમ પણ નહીં. કોઈ જબરજસ્ત વ્યક્તિ થઈ ગઈ, જબરજસ્ત. અમૃતચંદ્રઆચાર્ય આહાહા! ગાગરમાં સાગર ભરી દીધું. એક શ્લોકમાં ૪૧૫ ગાથા ભરી દીધી. મૂળ જીવતત્ત્વ કહ્યું અને નવતત્ત્વની વાત પણ એમાં કરી. એક શ્લોકમાં નવતત્ત્વ એમ પણ વાત કરી, સ્વાંગની અને શુધ્ધાત્માની વાત કરી. એક જ શ્લોકમાં બધું કહી દીધું. એની શક્તિ જ એવી છે. હવે શ્લોક કહે છે ટીકાકાર.

**नमः समयसाराय स्वानुभूत्या चकासते ।**
**चित्स्वभावाय भावाय सर्व भावान्तरच्छिदे ॥ १ ॥**

શુધ્ધ આત્માને નમસ્કાર તો સ્વાનુભૂતિથી થાય ને! **चित्स्वभावाय भावाय सर्व भावान्तरच्छिदे** હવે એની આપણે જયચંદપંડિતે જે તેનો અર્થ કર્યો છે એનો વિસ્તાર કર્યો છે એ લઈએ.

**શ્લોકાર્થ**:- **(नमः समयसाराय)** પહેલા સમયનો અર્થ કરે છે. **'સમય' અર્થાત્ જીવ નામનો પદાર્થ.** સમયના ઘણા અર્થ થાય છે. અન્યમતને સમય કહેવાય, છ દ્રવ્યને સમય કહેવાય, કાળને, પર્યાયને સમય કહેવાય.

અહીયાં **'સમય' અર્થાત્ જીવ નામનો પદાર્થ**. હવે જીવ નામનો પદાર્થ કહ્યો. હું પદાર્થને નમસ્કાર નથી કરતો. જીવ નામના પદાર્થને નમસ્કાર નથી કરતો, તેમાં

મુમુક્ષુ:- પદાર્થ પૂજ્ય નહીં હે.

ઉત્તર:- પૂજ્ય નહીં હે. પ્રમાણજ્ઞાનનો વિષય પૂજ્ય નથી આમાંથી નીકળે છે. **'સમય'** એટલે જીવ નામનો પદાર્થ. ઇ પાછી સમયની વ્યાખ્યા પણ મૂળ આવશે ઘણી - પદાર્થની વ્યાખ્યા. પણ એને તો આમાં લખી નાખ્યું 'સમય' એટલે પદાર્થ બસ. એ પદાર્થમાં દ્રવ્ય, ગુણ, પર્યાય બધુ આવી ગયું એને નમસ્કાર નથી કરતો હું.

મુમુક્ષુ:- સાર, શરૂઆત અહીંથી છે. પ્રમાણ પૂજ્ય નથી. પદાર્થ પૂજ્ય નથી.

ઉત્તર:- એ સમયનો અર્થ કર્યો. હજી સારનો અર્થ બાકી છે. **नमः समयसाराय** નમઃ સમય નહીં, નમઃ સમય નહીં. **समयसाराय** હવે સારનો અર્થ કરે છે. સાર, તેમાં સાર અહાહા! એટલે કે જે ઉપાદેય છે, જેને નમસ્કાર કરવા યોગ્ય છે. **જે દ્રવ્યકર્મ**, આઠ કર્મથી રહિત, ચાર પ્રકારના **ભાવકર્મ** આસ્રવોથી રહિત, ઇન્દ્રિયજ્ઞાનથી પણ રહિત, તે ભાવકર્મના પેટામાં જાય છે.

શરીરઆદિ **નોકર્મ** એનાથી **રહિત.** જુઓ રહિત ઉપર લીટી નાખી છે, રહિત ઉપર લીટી મુકી છે. રહિત, આ રહિત ઉપર ધ્યાન ખેચાતું નથી ત્યાં સુધી દ્રવ્યનો નિશ્ચય, દ્રષ્ટિનો વિષય દ્રષ્ટિમાં આવે નહીં. રહિત જ છે. પ્રથમથી જ રહિત છે. **રહિત શુધ્ધ આત્મા**. અહાહાહા! રાગથી, પુણ્ય પાપથી રહિત છે શુધ્ધ આત્મા. મિથ્યાત્વના કષાયથી રહિત છે, આસ્રવથી રહિત છે.

**રહિત શુધ્ધ આત્મા, તેને મારો નમસ્કાર હો**. નમસ્કાર કરું છું એમ નથી, તેને મારો નમસ્કાર હો. મારા નમસ્કારને યોગ્ય આ જગતમાં કોઈ પદાર્થ હોય તો મારો શુધ્ધાત્મા. મારો નમસ્કાર મારો આત્મા ઝીલી શકે, મારો નમસ્કાર બીજો કોઈ ઝીલી શકે નહીં. કેમકે મારો નમસ્કાર જેને થાય ઇ એ રૂપ થઈ જાય. તો મારો નમસ્કાર સિધ્ધભગવંતો ઝીલી શકે નહીં કેમકે મારી પરિણતિ ત્યાં તો જાય નહીં એનાથી અનન્ય થાય નહીં. માટે મારો શુધ્ધાત્મા જ મારો નમસ્કાર ઝીલી શકે. આહાહા! સમંતભદ્રઆચાર્યએ ન કહ્યું?

મુમુક્ષુ:- સમંતભદ્રઆચાર્યએ,

ઉત્તર:- 'તમારો દેવ મારો નમસ્કાર નહીં ઝીલી શકે' રાજાને કહ્યું. એમ!, એટલું બધુ તમારું જોર છે. તમારું આ છે ને શંકરની પ્રતિમામૂર્તિ, મારો નમસ્કાર નહીં ઝીલી શકે. એમ! હું જોંઉ છું એને તો ચડી ગયું હતું નહિતર તો ફાંસી દેત, સમજી ગયા. કારણ કે અહિયાં બધુ ખાતા હતા ને રોજ, પછી ફરિયાદ થઇ, પકડાઇ ગયા. બસ! મંત્ર બોલ્યા શું અને ભગવાનની પ્રતિમા અંદરમાંથી બહાર

આવી. એમ, આ દિગંબર મુનિઓ આવા હોય.

નિશ્ચયની પરાકાષ્ઠા એક શ્લોકમાં. શરૂઆતથી નિશ્ચયની વાત કરી. શરૂઆતથી જ વ્યવહારને ઉડાડયો. એમ કહું તો ચાલે. વ્યવહારને ઉડાડી દીધો. કેમકે વ્યવહાર ઉપર લક્ષ રહે, ને નિશ્ચય પ્રાપ્ત થાય એમ નથી. પંચપરમેષ્ઠિ પર લક્ષ હોય આહાહા! તો આત્માને નમસ્કાર ન થાય. આ તો સમયસાર છે ને એને નમસ્કાર કરવાથી પ્રાપ્તિ બધી થાય છે. શરૂઆતમાં જ. આહાહા!

સમય એટલે પદાર્થ. હું પદાર્થને નમસ્કાર કરતો નથી, હું પંચપરમેષ્ઠિને નમસ્કાર કરતો નથી. હું તો જે ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી રહિત છે, તેને હું નમસ્કાર કરું છું. નમસ્કાર હો. નમસ્કાર હો. આહાહા! ટીકાકાર પણ એવા નીકળ્યા હોં. જયચંદપંડિત કેવા નીકળ્યા, 'નમસ્કાર હોં'.

**તે કેવો છે?** કેમકે આ શ્લોક છે ને, તે આખા સમયસારની નીંવ (પાયો) છે. ૪૧૫ ગાથાનું આમાં રહસ્ય ભર્યું છે. જ્યાં જ્યાં આપણે રહસ્યવાળી વાત આવે ત્યાં થોડો વિસ્તાર કરવો જોઈએ. ચિંતવન કરવું, મનન કરવું જોઈએ (બાકી આગળ જવું). કેમકે જેમ બને એમ, ઘણી ગાથાઓનો સ્વાધ્યાય કરી લેવો છે, મારો ભાવ તે છે. એટલે ત્યાં આવી મહત્વની વાત હોય ત્યાં રોકાઇ રોકાઇને .. .. .. તેને મારો નમસ્કાર હોં. એ કોણ છે**?** જેને હું નમસ્કાર કરું છું **તે કેવો છે?** નમસ્કાર તો હું સમયસારને કરું છું શુધ્ધાત્માને. હવે કહે છે કે શુધ્ધાત્મા કેવો છે? કે નાસ્તિથી તો મેં કહ્યું. પણ અસ્તિથી તે કેવો છે? રહિત તો કહ્યું.

મુમુક્ષુ:- પહેલા રહિતથી વાત કરી.

ઉત્તર:- રહિતથી વાત કરી, વ્યવહારનો નિષેધ કર્યો. હવે જયાં નિશ્ચયની વાત કરે છે કે, ઇ શેનાથી સહિત છે. (**ભાવાય**) **તે કેવો છે?** (**ભાવાય) શુધ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે.** પહેલા **ભાવાય** કહીને અસ્તિત્વ સિધ્ધ કર્યું. શુધ્ધ જીવ અસ્તિકાય. અસ્તિ સિધ્ધ કરે તો જ એના ગુણો સિધ્ધ થાય. પદાર્થની સિધ્ધિ માટે અસ્તિ બહુ જરૂરી છે. માટે (**ભાવાય)** શુધ્ધ **સત્તાસ્વરૂપ વસ્તુ છે. ભાવાય** માં શુધ્ધાશુધ્ધ નથી લીધું, કેમકે એ પહેલી વાત કરી હતી કે જેને હું નમસ્કાર કરું છું એ શુધ્ધાત્મા છે અને અશુધ્ધ પર્યાય માત્રથી રહિત છે.

'સંયોગલક્ષણાભાવા' મારાથી ભિન્ન છે. **શુધ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે**. અસ્તિત્વ સિધ્ધ કર્યું. પદાર્થ સિધ્ધ કર્યો. પદાર્થમાંથી જે બાદબાકી કરવાની હતી તે કાઢી અને શુધ્ધાત્મા સિધ્ધ કર્યો. અને ઇ હોવાપણે છે. છે-છે ને છે. છે અસ્તિરૂપે છે

મુમુક્ષુ:- એ રુપે જ છે. એ રુપે જ છે.

ઉત્તર:- એ રુપે જ છે. અનાદિઅનંત છે. છે છે ને છે. **ભાવાય** અહાહા! ઇ **ભાવાય** કહીને બીજાનું ખંડન કરે છે જો અભાવવાદીનું. **આ વિશેષણપદથી,** અસ્તિત્વ છે ને, આહાહા! **આ વિશેષણપદથી સર્વથા અભાવવાદી નાસ્તિકોનો મત ખંડિત થયો**. કે આત્મા છે જ નહીં. આત્મા છે જ નહીં. આત્મા વસ્તુ જ એવી નથી કાંઈ. એમ જે **અભાવવાદી** છે, નાસ્તિક એના મત ખંડન કર્યું. **ભાવાય** છે.

હવે, જો છે, વસ્તુ છે, તો કોઇ એનો અસાધારણ ગુણ હોવો જોઈએ. **ચિત્સ્વભાવાય** એના ગુણની વાત કરે છે. પદાર્થની વાત કરી. પદાર્થમાંથી કચરો કાઢીને શુધ્ધાત્માની વાત કરી**.** એનું

હોવાપણું અસ્તિત્વ, એ સિધ્ધ કર્યું. હવે એનો કોઈ અસાધારણ ગુણ કહે છે. **ચિત્સ્વભાવાય** ઓલું જે સત હતું, સત છે તે પણ એનો ગુણ છે પણ સાધારણ ગુણ છે. અસ્તિત્વગુણ હતો તે. અસ્તિત્વગુણ હતો પણ અસ્તિત્વગુણ છે એમાં દોષ આવી જાય, તો અસ્તિત્વ તો પુદગલેય છે, એમ નહીં.

હવે વિશેષગુણથી વાત કરે છે. **ચિત્સ્વભાવાય જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે**. ચેતનાગુણમય છે. પર્યાયની વાત નથી હજી. દ્રવ્ય સિધ્ધ કર્યું, એનું અસ્તિત્વ સિધ્ધ કર્યું, એનો ગુણ સિધ્ધ કરે છે. અને હવે ગુણની પર્યાય સિધ્ધ કરશે. દ્રવ્ય હોય તો ગુણ હોય ને ગુણ હોય તો પર્યાય પણ એની હોય.

**ચેતનાગુણરૂપ છે**. ચેતનાગુણમય છે. **આ વિશેષણથી ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર નૈયાયિકોનો નિષેધ થયો**. નૈયાયિક મત હશે એ ગુણ અને ગુણીને જુદા માનતા હશે. આ કહે છે ગુણ અને ગુણી એક સત્તા છે. ગુણી ગુણમય હોય છે, એમ. એમાં પણ અસ્તિત્વગુણ તો સામાન્ય લીધો. હવે વિષેશગુણ (લીધો) ચેતના. **વળી તે કેવો છે?** આમાં શું છે, કે આમાં ઘણાં મતોનું એ લોકો ખંડન કરે, આવી જાય. ખંડનનો શબ્દ ન લખે પણ આવી જાય એની અંદર.

આને તો ઘણું વાંચેલું છે જયચંદપંડિતે, અન્યમતોનાં શાસ્ત્રો, એટલે ભેગુભેગુ આ-આ કેમ અસ્તિત્વ કેમ કહ્યું? કે કેટલાક નાસ્તિક છે આત્માને માનતા નથી માટે અસ્તિ સિધ્ધ કરી. પછી ગુણ અને ગુણી જુદા છે સર્વથા એમ માનનારા પોતાથી, એ કથંચિત અભેદ છે, એમ. **આ વિશેષણથી ગુણ-ગુણીનો સર્વથા ભેદ** એટલે ગુણ આહીં રહે (બીજે) અને ગુણી આહીં રહે (બીજે) એમ નથી.

એ કુદરતી છે ને આજે આપણે શરૂ કર્યું. **આ વિશેષણથી સર્વથા ભેદ માનનાર** કથંચિત ભેદ તો જૈન દર્શન માને છે પણ સર્વથા ભેદ નથી માનતા, ગુણ અને ગુણીનો, એટલે સર્વથા શબ્દ મૂક્યો, એમ!. **નૈયાયિકોનો નિષેધ થયો. વળી તે કેવો છે?** આહાહા! હવે આવો જે અસ્તિસ્વરૂપ આત્મા ચેતનાગુણમય આત્મા, એ કાંઈ વર્તમાન અનુભવમાં આવે કે ન આવે? એમ કહે છે. તમે કહો છો, છે. તમે કહો ચેતના ગુણમય, પણ કાંઈ અનુભવમાં આવે કે નહીં ? કે હા આવે.

**(स्वानुभूत्या चकासते)** આહાહા! દ્રવ્ય, ગુણ અને પર્યાય. પહેલી પર્યાય લીધી. **પોતાની જ** 'જ' શબ્દ છે. **પોતાની જ અનુભવરૂપ ક્રિયાથી પ્રકાશે છે**. રાગની ક્રિયાથી પ્રકાશતો નથી. પોતાના અનુભવથી અનુભવમાં આવે એવી વસ્તુ છે. પોતાના જ્ઞાનમાં આત્મા જ્ઞેય થાય છે. આહાહા! જણાય છે. **અનુભવન ક્રિયાથી પ્રકાશે છે. અર્થાત પોતાને પોતાથી જ જાણે છે**. **પોતાને પોતાથી જ જાણે છે**. છઠ્ઠી ગાથામાં લીધું છે. પોતાને પોતાથી જ જાણે છે. જાણે છે એટલે પ્રગટ કરે છે.

**આ વિશેષણથી આત્માને તથા જ્ઞાનને** એટલે પર્યાયને. હવે ગુણગુણીનો અર્થ પર્યાયને, **જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર,** સર્વથા ભિન્ન નહીં. કોઈ મત એવો છે કે આત્મા અરૂપી છે એટલે છદમસ્થના જ્ઞાનમાં અનુભવમાં ન આવે એમ. **સર્વથા પરોક્ષ જ માનનાર**, કથંચિત પરોક્ષ તો માને છે જૈનદર્શન, પણ સર્વથા પરોક્ષ માનતા નથી. સ્વસંવેદનથી પ્રત્યક્ષ જાણે છે એમ.

**સર્વથા પરોક્ષ જ માનનાર જૈમિનીય-ભટ્ટ-પ્રભાકર ભેદવાળા મીમાંસકોના મતનો વ્યવચ્છેદ થયો.** દ્રવ્ય ને પર્યાય સર્વથા ભિન્ન છે, એટલે કે પર્યાય દ્વારા એ પરોક્ષ જ રહે, પ્રત્યક્ષ ન

થાય આત્મા. આ અમદાવાદમાં ઘણી ચર્ચા થઈ હતી. સમજી ગયા. ગજાબેન, ચૌરેજી અને બીજા ત્રણ જણ આવ્યા. ટાઈમ લઈને બેઠા. પરોક્ષ જ છે "આદિયેપરોક્ષં"-પ્રત્યક્ષ છે નહીં. ઇ આ. અન્યમતી થઈ ગયો.

વર્તમાનમાં જ્ઞાનમાં મધ્યસ્થ ન થાય તે અન્યમતી છે. એક જીવ એવો નીકળ્યો કે જ્ઞાનમાં આત્મા અનુભવમાં આવે જ નહીં. જ્ઞાન પરને જ જાણે. દર્શન જ સ્વને દેખે. મે કીધું છે જીભ નહીં મળે. બોલાય ગયું મરાથી! વ્યક્તિગત વાત હતી ... શું કહો છો? જ્ઞાનમાં આત્મા ન જણાય? ઇ આ. સર્વથા પરોક્ષ માનનારા એમ. પ્રત્યક્ષ થાય નહીં. આ બેન એવું છે કે, એકલા આગમના અભ્યાસથી ઉકેલ ન આવે. સાથે અધ્યાત્મ શાસ્ત્રનો અભ્યાસ ઊંડો જોઈએ.

મુમુક્ષુ:- માર્ગ અધ્યાત્મથી જ મળે છે.

ઉત્તર:- મળે છે. આગમથી તો પદાર્થની સિધ્ધિ થાય છે.

મુમુક્ષુ:- પદાર્થને ....

**ઉત્તર:- મીમાંસકોના મતનો વ્યવચ્છેદ થઈ ગયો; પરોક્ષ જ માનનારા જૈમિનીય-ભટ્ટ-પ્રભાકર મતનો વ્યવચ્છેદ થયો; તેમ જ જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે**. આ બીજો મત. પહેલો મત આવ્યો સર્વથા પરોક્ષ, બીજો મત એમ કહે છે કે, બીજો બીજાને જાણે પોતે પોતાને ન જાણી શકે. કેવળી પોતાના આત્માને મારા આત્માને કેવળી જાણે એમ કહે છે. હું મારા આત્માને ન જાણી શકું એવો એક મત છે. એવી રીતે ના. કેવળી તો જાણે જ એમ આવ્યું જો. **તેમ જ જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે, પોતે પોતાને નથી જાણતું – એવું માનનાર નૈયાયિકોનો પણ પ્રતિષેધ થયો.** બરાબર!

હવે એના સામર્થ્યની વાત કરે છે. સ્વભાવની વાત કરી.

મુમુક્ષુ:- ઇ પોતે પોતાને જાણે છે.

ઉત્તર:- ઇ પોતે પોતાને જાણે છે એ એનો સ્વભાવ છે. હવે આવો જેને સ્વભાવ પ્રગટ થયો પર્યાયમાં એનું સામર્થ્ય શું છે? એ બતાવે છે.

**सर्व भावान्तरच्छिदे** આહાહા! **પોતાથી અન્ય સર્વ જીવાજીવ, ચરાચર પદાર્થોને સર્વ ક્ષેત્રકાળસંબધી, સર્વ વિશેષણો સહિત, એક જ સમયે જાણનારો છે. આ વિશેષણથી, સર્વજ્ઞનો અભાવ માનનાર મીમાંસક આદિનું નિરાકરણ થયું**. કેવળજ્ઞાનમાં એક સમય માત્રમાં, આહાહા! જીવ, અજીવ, જીવ ચરાચર પદાર્થ, ભૂત, ભવિષ્ય, વર્તમાન એક સમયમાં જણાય છે. એવું જ્ઞાનનું સામર્થ્ય છે. કેવળજ્ઞાનનું એવું સામર્થ્ય છે, તો શ્રુતજ્ઞાનમાં એ પ્રકારે આવે છે. શ્રુતજ્ઞાન પણ એના જેવું જ છે. લોકાલોકને જાણે છે. હવે જાણનારો જણાય એક જ સમયે બધાને જાણનારો જણાય છે. ભૂત ભવિષ્ય, વર્તમાન કેવળજ્ઞાનની મુખ્યતા થતાં **सर्व भावान्तरच्छिदे** એમ કેમ કહ્યું?

કે આમાં દેવને નમસ્કાર આવી ગયા. આમાં દેવને નમસ્કાર આવ્યા. પોતાને જે જાણે છે તે પોતાના કેવળજ્ઞાનને જાણે છે. અને ઇ પોતાનું જે કેવળજ્ઞાન છે એનું સ્વરૂપ કેવું છે? ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણેકાળને સમયમાત્રમાં જાણે છે. બધુ અહીંથી (અંદરથી) છે.

મુમુક્ષુ:- અહીંથી જ છે બધું, અહિયાં છે.

ઉત્તર:- સમર્થ આચાર્ય, આને કેવળજ્ઞાનના દર્શન વારંવાર થાય છે. **એક જ સમયે જાણનારો છે આ વિશેષણથી સર્વજ્ઞનો અભાવ માનનાર,** આહાહા! અત્યારે આ કાળમાં સર્વજ્ઞ છે એમ ઇ કહે છે. કાંઇ સમજે નહીં કોઈ. **સર્વજ્ઞનો અભાવ માનનાર મીમાંસક આદિનું નિરાકરણ થયું.** ઇ કહે છે કે કેવળજ્ઞાન બતાવો મને એમ કહે, કેવળજ્ઞાન હોય તો મહાવિદેહક્ષેત્રમાં અહીં ક્યાં છે? અહીયાં કેવળજ્ઞાન છે ભરતક્ષેત્રમાં. **નિરાકરણ થયું.**

**આ પ્રકારના વિશેષણો (ગુણો) થી શુદ્ધાત્માને જ, શુદ્ધાત્માને જ ઇષ્ટદેવ સિદ્ધ કરી** ફરીથી જુઓ! આહાહા! એક શુદ્ધાત્મા જ ઇષ્ટદેવ છે. ઇષ્ટ એટલે હિતરૂપ, સુખરૂપ, જેનું અવલંબન લેતા આત્માને સુખ પ્રગટ થાય. ઇષ્ટની સિદ્ધિ (કરી), સાધ્યની સિદ્ધિ. **ઇષ્ટદેવ સિદ્ધ કરી તેને નમસ્કાર કર્યો**. **આત્માને જ ઇષ્ટદેવ સિદ્ધ કરી**, આ (પોતાનો આત્મા) ઇષ્ટદેવ છે. 'શિવ રમણી રમનાર તું, તું હી દેવનો દેવ' આ ઇ. એ ધ્વનિ આવી હતી ગુરુદેવને ... ..., તેને નમસ્કાર કર્યો.

**બરાબર, આમાં ખાસ કોઈ પોઈન્ટ (સમજવો) હોય તો ...**

મુમુક્ષુ:- એકદમ બરાબર. મહા ભાગ્ય હોય ત્યારે આવું સ્વરૂપ સાંભળવા મળે છે.

ઉત્તર:- **ભાવાર્થ:- અહીં મંગળ અર્થે** એટલે હિતને અર્થે સુખને માટે **શુદ્ધ આત્માને નમસ્કાર કર્યો છે**. **કોઈ એમ પ્રશ્ન કરે કે,** જુઓ ખુલાશો કરે છે, **કે કોઈ ઇષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો?** મહાવીરનું, ઋષભદેવ ભગવાનનું, પાર્શ્વનાથ પ્રભુનું, અહાહા!

**તેનું સમાધાન:- વાસ્તવિકપણે ઇષ્ટદેવનું સામાન્ય સ્વરૂપ સર્વકર્મરહિત**, જુઓ **સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા જ છે તેથી આ અધ્યાત્મગ્રંથમાં સમયસાર કહેવાથી ઇષ્ટદેવ આવી ગયા. આહાહા!** જુઓ! આ શુદ્ધાત્માના વિશેષણો કહ્યા છે. ઇષ્ટદેવનું સ્વરૂપ કેવું છે? કે, **સર્વકર્મથીરહિત** એક, **સર્વજ્ઞ** બે, અને **વીતરાગ** મૂર્તિ છે પ્રતિમા, એ **શુદ્ધ આત્મા જ છે**. **તેથી આ અધ્યાત્મગ્રંથમાં સમયસાર કહેવાથી ઇષ્ટદેવ આવી ગયા.**

સમયસાર એટલે શુદ્ધાત્માને નમસ્કાર કરતાં ઇષ્ટદેવ આવી ગયા, **તથા એક જ નામ લેવામાં**, હવે કદાચ એક નામ લઈએ તો, તેઓ તર્કથી ખંડન કરશે. **એક જ નામ લેવામાં અન્યમતવાદીઓ મતપક્ષનો વિવાદ કરે છે**. કે તમે મહાવીરને નમસ્કાર કર્યો, તો ઋષભદેવ રહી ગયા એમ. **તે સર્વનું નિરાકરણ, સમયસારનાં વિશેષણો વર્ણવીને, કર્યું. વળી અન્યવાદીઓ પોતાના ઇષ્ટદેવનું નામ લે છે તેમાં ઇષ્ટ શબ્દનો અર્થ ઘટતો નથી, બાધાઓ આવે છે; અને સ્યાદ્વાદી જૈનોને તો સર્વજ્ઞ વીતરાગ શુદ્ધ આત્મા જ ઇષ્ટ છે. પછી ભલે તે ઇષ્ટદેવને પરમાત્મા કહો, પરમજ્યોતિ કહો, પરમેશ્વર** કહો**, પરબ્રહ્મ** કહો, **શિવ** કહો, **નિરંજન** કહો, **નિષ્કલંક** કહો, **અક્ષય** કહો, **અવ્યય** કહો, **શુદ્ધ** કહો, **બુદ્ધ** કહો, **અવિનાશી**, **અનુપમ**, **અચ્છેદ્ય**, **અભેદ્ય**, **પરમપુરુષ, નિરાબાધ, સિદ્ધ, સત્યાત્મા, ચિદાનંદ, સર્વજ્ઞ, વીતરાગ, અર્હત, જિન, આપ્ત, ભગવાન, સમયસાર ઇત્યાદિ હજારો નામોથી કહો,** પાછું છેલ્લું સમયસાર લીધું છે. જુઓ! હેં! એને ભૂલતા નથી. આ સમયસારના જ નામ છે બધાય, નામાંતર છે.

**સમયસાર ઇત્યાદિ હજારો નામોથી કહો; તે સર્વ નામો કથંચિત્ સત્યાર્થ છે. સર્વથા એકાંતવાદીઓને ભિન્ન નામોમાં વિરોધ છે. સ્યાદ્વાદીને કોઇ વિરોધ નથી. માટે અર્થ યથાર્થ**

**સમજવો જોઈએ**. એનો વાચ્યાર્થ, અર્થ સમજવો જોઈએ, શબ્દને નહીં.

**પ્રગટે નિજ અનુભવ કરે, સત્તા ચેતનરૂપ;**
**સૌ-જ્ઞાતા લખીને નમું, સમયસાર સહુ-ભૂપ. -૧.**

આહાહા! **પ્રગટે નિજ અનુભવ કરે,** અનુભવ દશા થાય આત્માની અને **સત્તા** ચેતનરૂપ છે અસ્તિત્વ કહ્યું અને ચેતન એની સત્તા ગુણ કહ્યું. **સૌ-જ્ઞાતા લખીને** બધા જ્ઞાતા થયા, કોઈ કર્તા-બર્તા છે નહીં. **સમયસાર સહુ-ભૂપ આહાહા!** બધામાં સમયસાર રાજા છે. આહાહા! ભૂપ નામ (રાજા). ગ્રંથોનો અધિપતિ છે. સર્વ ગ્રંથોનો અધિપતિ રાજા છે.

મુમુક્ષુ:- આમેય સમયસાર જીવરાજા છે

ઉત્તર:- હા એ જીવરાજા જ છે અને આ નિમિતપણે છે.

ગ્રંથાધિરાજ છે બસ!

હવે બીજો શ્લોક. એક શ્લોક થયો. કેટલાક ઉલ્લેખો થયા, સ્તુતિ થઈ, સમયસારની, ઘણું આવી ગયું માંગલિકમાં. આહાહા! સમયનો અર્થ કર્યો પદાર્થ. કોઈને નમસ્કાર નહીં. પદાર્થને સમય કહેવાય, ધર્માસ્તિકાય પણ સમય છે, બધાને પદાર્થનું નામ જ સમય છે. પછી બીજાથી જુદું પાડવા માટે જાણે છે અને પરિણમે છે એમ લેશે.

પહેલા પ્રમાણથી સાત પ્રકારથી સિધ્ધિ કરે છે પદાર્થની. પહેલા શ્લોકમાં જ જુઓ જીવતત્ત્વ લીધું અને સંવર, નિર્જરા અને મોક્ષ. છ તત્ત્વમાંથી. स्वानुभूत्या चकासते.

મુમુક્ષુ:- એ ક્રિયા લીધી.

ઉત્તર:- એ ક્રિયા લીધી.

મુમુક્ષુ:- સ્વાનુભૂતિની એ ક્રિયાલીધી.

ઉત્તર:- એક જ ક્રિયા.

મુમુક્ષુ:- રાગાદિ કોઈ આત્માની ક્રિયા નથી.

ઉત્તર:- ક્રિયા જ નથી.

મુમુક્ષુ:- એનાથી તો રહિત છે આત્મા.

ઉત્તર:- એટલે જીવતત્ત્વ, સંવર, નિર્જરા અને મોક્ષ ચાર તત્ત્વ લીધા અસ્તિરૂપે, અજીવને કાઢી નાખ્યો. અને પુણ્ય, પાપ, આસ્ત્રવ, બંધ એ પાંચને કાઢી નાખ્યા. આની કોર ચાર, આની કોર પાંચ એમ લીધું. એટલે અસ્તિથી જ વાત કરી, નાસ્તિની વાત જ નથી.

કેમકે જ્યાં સ્વાનુભવ થાય ત્યાં અજીવનું લક્ષ છૂટી જાય અને આસ્ત્રવ, બંધ થાય નહીં. ટૂંકાણ કરો તો ત્રણ તત્ત્વની નાસ્તિ છે. એકની અસ્તિ થઈ અને એકને આશ્રયે ત્રણ તત્ત્વ ઉભા થાય નવા પર્યાયરૂપ તત્ત્વ, સંવર, નિર્જરા, મોક્ષ. એટલે જીવતત્ત્વની સિદ્ધિ કરી અને એનું અવલંબન લેતાં મોક્ષમાર્ગ પ્રગટ થાય એમ કહ્યું. બધુ છૂટું પાડી દીધું બધું. મોક્ષમાર્ગની પણ સ્થાપના કરી અને મોક્ષમાર્ગનો વિષય કીધો. પોતે પોતાને જાણે છે એ મોક્ષમાર્ગ છે.

**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः ।**
**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ।।२।।**

**अनेकांतमयी मूर्ति** એનો અર્થ કરે છે. જેમાં અનેક અંત (ધર્મ) છે એવું જે જ્ઞાન તથા વચન તે-મય મૂર્તિ સદાય પ્રકાશરૂપ હો. આ સરસ્વતી મૂર્તિના બે અર્થ કરશે. એક જ્ઞાન એ પણ સરસ્વતી છે. અને વચન એ પણ.

ॐ